# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: તૌફીક સમા

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

તારીખ : ૨૨-૦૫-૨૦૨૪ બુધવાર સમય : સાંજે ૬:25 કલાકે

---

## ગેમ ઝોન-ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી:

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં રાજકોટના ટીઆરપી ગેમઝોન જેવી દુર્ઘટના પુનઃ ન સર્જાય તેની તકેદારીના ભાગરૂપે રાજ્યભરમાં ખાસ તપાસ કરવા અને કડક પગલાં ભરવા સૂચના આપી છે. રાજ્યભરમાં ગેરકાયદે ચાલતા ગેમઝોનના માલિકો પાસે અગ્નિશામક દળનું 'ના વાંધાપ્રમાણપત્ર' ન હોય તો તેમની સામે પ્રાથમિક તપાસ અહેવાલ નોંધવા શ્રી સંઘવીએ તમામ પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ વડાઓને કડક સૂચના આપી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં સૂચના આપવામાં આવી છે.

(RNU અમદાવાદ)

---

## નમો લક્ષ્મી યોજના:

ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા નમો લક્ષ્મી યોજના અંતર્ગત પોર્ટલ લોંચ કરવામાં આવ્યું છે. જેમાં ધો.9 થી 12 મા અભ્યાસ કરતી તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળશે. ચાર વર્ષ દરમિયાન 50 હજાર રૂપિયાની શિષ્યવૃત્તિ દીકરી અને માતાના સંયુક્ત ખાતામાં જમા થશે. આ અંગેની વિગતો આપતા જિલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમારે આ પ્રમાણે જણાવ્યું હતું. (બાઇટ : સંજય પરમાર)

(પરેશ મારુ)

---

## આગ અંગે ડેમોસ્ટ્રેશન-આકાશવાણી ભુજ:

અચાનક આગે લાગે તો કયા પ્રકારના પગલા ભરવા અને બચાવ કામગીરી અંગેનું ડેમોસ્ટ્રેશન અને મોકડ્રીલ આકાશવાણી ભુજ ખાતે સ્ટેશન હેડ જયેશ રાવલ ,ભરત ચતવાણી અને ટેકનીકલ હેડ નરેશ ટાંકની ઉપસ્થિતિમાં યોજાઇ હતી. ઉપરાંત સ્ટેશનમાં રાખેલા અગ્નિશામન યંત્રો અંગે પણ કર્મચારીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. તજજ્ઞો દ્વારા આકાશવાણી પરિસરમાં આગ લાગે ત્યારે શું પગલા ભરવા જોઇએ તે અંગેનું જીવંત

ડેમોસ્ટ્રેશનનું નિદર્શન કરવામાં આવ્યું હતું, જેમાં ફાયર સેફ્ટીના સાધનો અને વિવિધ ટુલ્સ અંગે માહિતી આપવામાં આવી હતી. આકાશવાણીમાં રાખવામાં આવેલા ફાયર સેફ્ટીના સાધનો પુરતા પ્રમાણમાં છે તેની પણ ખાત્રી કરવામાં આવી હતી.

(પરેશ મારુ)

---

## રાપર-પોલીસ વાર્ષિક ઇન્સ્પેકશન:

રાપર પોલીસ મથક ખાતે આજે પૂર્વ કચ્છ જિલ્લા પોલીસવડા સાગર બાગમાર દ્વારા વાર્ષિક ઇન્સ્પેક્શન અંતર્ગત મુલાકાત લેવામાં આવી હતી. રાપર પોલીસ મથકના તમામ રેકોર્ડનુ ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું. ઉપરાંત પોલીસ પરેડ તથા લોક સંવાદનુ પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સિવાય ફતેહગઢ તથા રવ આઉટ પોસ્ટનું ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું.

(સ્થાનિક સમાચારપત્ર)

---

## આર.ટી.આઈ.-બીજો તબક્કો પ્રવેશ:

આર.ટી.ઈ. હેઠળ ત્રીજા રાઉન્ડમાં 39 બાળકને ખાનગી શાળાઓમાં પ્રવેશ અપાયો છે અને આગામી ત્રીજી જૂન સુધી પ્રવેશ મેળવી લેવા વાલીઓને જણાવાયું છે. જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી ભૂપેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે , કચ્છ જિલ્લામાં બીજા રાઉન્ડમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો . તે રાઉન્ડમાં પ્રવેશ ન લીધેલા તથા અન્ય ખાલી રહેલી જગ્યાઓ પર ત્રીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયામાં 39 વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવ્યો છે. વાલીઓએ rte.orpgujarat.com પોર્ટલ પરથી એડમિટ કાર્ડ ડાઉનલોડ કરી ત્રીજી જુન 2024 સુધી શાળામાં જરૂરી અસલ આધારો દર્શાવી શાળામાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે. અન્યથા પ્રવેશ રદ થશે.

(સ્થાનિક સમાચારપત્ર)

---

## ભુજ-મતગણતરી:

ભુજની સરકારી એન્જિનીયરિંગ કોલેજ ખાતે ચોથી જૂનના સવારે આઠ વાગ્યાથી મતગણતરી પ્રક્રિયાનો આરંભ થશે. આ કામગીરી માટે રિઝર્વ સહિત 2000 જેટલા સ્ટાફને ફરજની સોંપણી કરવામાં આવી છે, જેમાં માઈક્રો ઓબ્ઝર્વર સહિતનો સમાવેશ થાય છે. મતક્ષેત્ર

દીઠ ગોઠવાયેલી 14 ટેબલમાં મતગણતરી સ્ટાફ તેમજ તેમના પર સઘન મોનિટરિંગ માટે માઈક્રો ઓબ્ઝર્વરની નિયુક્તિ કરાય છે. આ તમામ સ્ટાફને તાલીમબદ્ધ કરી દેવામાં આવ્યા છે.

(પરેશ મારુ)

---